વંચાણમાં:-

૧) અત્રેની કચેરીના પત્ર.નં.સસુખા/યજન/ન.બા/૦૯-૧૦/૧૨૯ તા-૨૬/૦૫/૨૦૦૯

૨) ગુજરાત સરકાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક : અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ, સચિવાલય, ગાંધીનગર તા.૨.૯.૨૦૦૯

૩) ગુજરાત સરકાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક : અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ, સચિવાલય, ગાંધીનગર તા.૧૯.૧૨.૨૦૦૯

૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પત્ર ક્રમાંકનં.અનથ/૧૦૨૦૦૯/ન.બા-૩૭/છ તા-૩/૦૨/૨૦૧૦

૫) અત્રેની કચેરીના પરીપત્ર નં સસુખા/સી.પી.ડી/૨૦૦૯૧૦/૧+૫૨ તા-૦૧/૦૧/૨૦૧૧

---

નં.સસુખા/CPD/૨૦૧૮-૧૯/ ૯૯ તા:- ૨૮/૦૪/૨૦૧૮

## સુધારા પરીપત્ર

ઉપરોક્ત વંચાણ-૧ થી રજુ કરેલ એચ.આઇ.વી ગ્રસ્ત/અસરગ્રસ્ત બાળકોને શિષ્યવૃતિ આપવાની નવી બાબત અને વંચાણ-૨ અને ૩ ના ઠરાવથી એચ.આઇ.વી ગ્રસ્ત/અસરગ્રસ્ત બાળકોને શિષ્યવૃતિ આપવાની વહીવટી મંજુરી મળેલ છે, વંચાણ-૪ના પત્રથી અત્રેની કચેરી દ્વારા રજુ કરેલ નવી બાબતને સરકારશ્રી દ્વારા સમર્થન આપવામાં આવેલ છે, અને વંચાણ-૫ ના પરીપત્રથી એચ.આઇ.વી ગ્રસ્ત/અસરગ્રસ્ત બાળકોને આપવાની થતી શિષ્યવૃતિના દરો દર્શાવેલ હતા જે ધોરણ-૧૦ પછીના અભ્યાસ માટે ડે-સ્કોલર અને હોસ્ટેલર માટેના દરો દર્શાવેલ હતા પરંતું એચ.આઇ.વી ગ્રસ્ત/અસરગ્રસ્ત બાળકોને શિષ્યવૃતિ ધોરણ-૧ થી ઉચ્ચ અભ્યાસ સુધી આપવાની થતી હોય જેના સંકલિત દરો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | શિષ્યવૃત્તિનો દર |
|---|---|---|
| ૧ | ધોરણ ૧ થી ૫ સુધીના | રૂ.૫૦૦/-(માસિક રૂ.૫૦ લેખે દસ માસ માટે)<br>સ્કુલ યુનિફોર્મના ખર્ચપેટે રૂ.૧૫૦૦/- વાર્ષિક ઉચ્ચક લેખે |
| ૨ | ધોરણ ૬ થી ૧૦ સુધીના | રૂ.૧૦૦૦/- (માસિક રૂ.૧૦૦ લેખે દસ માસ માટે)<br>સ્કુલ યુનિફોર્મના ખર્ચપેટે રૂ.૧૫૦૦/- વાર્ષિક ઉચ્ચક લેખે |
| ૩ | હાયર સેંકડરી ધોરણ-૧૧ અને ૧૨<br>ડે સ્કોલર માટે | રૂા.૪,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૪૦૦/- પ્રમાણે દશ માસ માટે) |

| | | |
|---|---|---|
| | હોસ્ટેલર માટે | રૂા.૧૦,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૪૦૦/- પ્રમાણે દશ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ) |
| ૪ | બી.એ./બી.કોમ./બીએસી અને સમકક્ષ ડીગ્રી અભ્યાસ ક્રમ માટે<br>ડે સ્કોલર માટે | રૂા.૬,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૬૦૦/- પ્રમાણે દસ માસ માટે) |
| | હોસ્ટેલર માટે | રૂા.૧૨,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૬૦૦/- પ્રમાણે દશ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન ખર્ચ તથા હોસ્ટેલ ચાર્જીસ દશ માસ માટે ) |
| ૫ | તબીબી અને આયુર્વેદિક તથા હોમીયોપેથીક અભ્યાસક્રમમાં ડીગ્રી કોર્સ જેવા કે બી.એડ, બી.ઇ., બી.ટેક, એલ.એલ.બી., એમબીએ તથા સમકક્ષ અભ્યાસક્રમ તેમજ ડીપ્લોમા અભ્યાસક્રમના ડે સ્કોલર માટે | રૂા.૧૦,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે) |
| | હોસ્ટેલર માટે | રૂા.૧૬,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ માટે દસ માસ માટે ) |
| ૬ | અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ જેવા કે એમએસસી/એમ.ફીલ/એલએલએમ/એમએડ વિગેરે ડે સ્કોલર માટે | રૂા.૧૦,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે) |
| | હોસ્ટેલર માટે | રૂા.૧૬,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂા. ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ માટે દસ માસ માટે) |

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
અધિક્ષકશ્રી/સુપ્રિટેન્ડેન્ટશ્રી,
ચિલ્ડ્રનહોમ/ઓબ્જર્વેશન હોમ,
સર્વે

નકલ સવિનય રવાના:-

(૧) માન.અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને જાણ સારૂ.

(૨) માન.કલેકટરશ્રી વ ચેરમેનશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, સર્વેને જાણ સારૂ.

નકલ રવાના:-

(૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, સર્વેને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.

(૨) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, સર્વેને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.

(૩) પોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર ને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.

(૪) હિસાબી અધિકારીશ્રી, સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.

(૫) આદેશ ફાઇલ.